| | | | |
|---|---|---|---|
| કેસ દાખલ તારીખ | ૧૯/૦૭/૨૦૨૨ | | |
| કેસ નોંધણી તારીખ | ૧૯/૦૭/૨૦૨૨ | | |
| કેસ ફેસલ તારીખ | ૨૫/૦૬/૨૦૨૬ | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૨ | ૧૧ | ૦૬ |

---

**મે.એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ એન્ડ પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં, મુ.વ્યારા.**

---

**ફોજદારી કેસ નં.૧૭૯૧/૨૦૨૨**
**આંક:-**

**ફરિયાદી:-** શ્રી સ ર કા ર

**વિરૂધ્ધ**

**આરોપીઓ:-** (૧) ગુલાબભાઈ દિવાનજીભાઈ ગામીત, ઉ.વ.૪૫,
રહે.ખુટાડીયા ગામ, ગામીત ફળિયું,
તા.વ્યારા, જી.તાપી.

(૨) રતનલાલ જીયારામ ગુજ્જર, ઉ.વ.૩૧,
રહે.રામકુવા ગામ, ડેરીની સામે, પટેલ ફળિયું,
તા.વ્યારા, જી.તાપી.

---

**ગુન્હો:- પ્રોહીબીશન એકટની કલમ-૬૫ એએ, બી,સી,ડી,એફ, ૮૧ મુજબ.**

---

**ફરીયાદપક્ષે એ.પી.પી.શ્રી એમ.બી.હડસ**

**આરોપી તરફે વિ.વકીલશ્રી એમ.ડી.વળવી**

---

**//ચુકાદો//**

**(૧)** ફરીયદાપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના આરોપી નં.૧ નાએ તા.૧૬/૦૩/૨૦૨૨ ના રોજ કલાક ૧૮:૩૦ વાગ્યાના સમયે મોજે ખુટાડીયા ગામ, ગામીત ફળીયામાં વગર પાસ પરમીટે પોતાના કબજામાં ગોળ મહુડા પાણીનું રસાયણ બનાવી રાખી દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી સાથે ગોળ પાણીનું રસાયણ (વોશ) કુલ આશરે ૧૨૦ લીટર કિં.રૂા. ૨૪૦/- તથા દેશી દારૂ કુલ-૦૫ લીટર કિં.રૂા.૧૦૦/- તથા એલ્યુમિનિયમ હાંડલા નંગ-૦૧ કિં.રૂા.૫૦૦/- તથા પિતળની દેગડી નંગ-૦૧ કિં.રૂા.૪૦૦/- મળી કુલ કિં.રૂા.૧૨૪૦/- નો મુદ્દામાલ રાખી પકડાઇ જઇ સદર દેશી દારૂ બનાવવા માટે આરોપી નં.ર નાએ ગોળ તથા મહુડા પુરા પાડી એકબીજાની મદદગારી કરી ગુનો કરેલ હોય, પ્રોહીબીશન એકટની કલમ-૬૫ એએ, બી,સી,ડી,એફ, ૮૧ મુજબના સજાને પાત્ર ગુનાની કાર્યવાહી માટે હાલની ફરીયાદ આપેલ છે.

**(૨)** સદર કામમાં આરોપીઓ વિરૂધ્ધ વ્યારા પો.સ્ટે.ગુ.ર.નં. ૧૧૮૨૪૦૦૧૨૨૦૩૫૯/૨૦૨૨ પ્રોહીબીશન એકટની કલમ૬૫-એએ, બી, સી, ડી, એફ, ૮૧ મુજબની ફરીયાદ દાખલ થતા, આરોપીઓ તરફે યોગ્ય જામીન રજુ થયેથી આરોપીઓને જામીન મુકત કરેલ છે.

**(૩)** ચાર્જશીટ ફાઇલ થયા બાદ આરોપીઓને સમન્સ કરતાં સમન્સની બજવણી થતા તેઓ નામદાર કોર્ટમાં તેમના વિ.વકીલશ્રી મારફતે હાજર થયેલ છે અને તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પુરી પાડયા બાદ સદર ગુના અન્વયે આરોપીઓ સામે આંક-૦૪ થી તહોમતનામું ફરમાવી આંક-૦૫ તથા આંક-૦૬ થી પ્લી નોંધવામાં આવેલ છે અને જવાબમાં ગુનો કબુલ નથી અને કેસ આગળ ચલાવવો છે તેવુ જણાવતા કેસ અગાળ ચલાવવામાં આવેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

**(૪)** ફરીયાદપક્ષ ધ્વારા તેઓનો કેસ સાબીત કરવા નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**મૌખિક પુરાવો:-**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| ૧ | ૨૧ | ફરીયાદી રોનકભાઇ સ્ટીવનસનભાઇની જુબાની |
| ૨ | ૨૩ | પંચ સાહેદ નાશીરશા બશીરશાની જુબાની |
| ૩ | ૨૫ | પંચ સાહેદ રમણભાઇ દેવજીભાઇ ભારતીની જુબાની |
| ૪ | ૩૨ | ત.ક.અ. અશ્વીનભાઇ બાબુરાવભાઇની જુબાની |

**દસ્તાવેજી પુરાવો:-**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૨૨ | ફરીયાદ |
| ૨ | ૨૪ | પંચનામું |

**(૫)** આ સિવાય ફરીયાદપક્ષે અન્ય કોઇ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. ત્યારબાદ ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં તમામ પુરાવાના અંતે આરોપીઓનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધતા આરોપીઓએ પુરાવાની હકીકત ખોટી હોવાનું જણાવી ખોટો કેસ કરેલ હોવાનું જણાવેલ છે. આરોપીઓએ સોગંદ ઉપર પુરાવો આપેલ નથી કે બચાવના સાહેદ તપાસેલ નથી. ત્યારબાદ બંને પક્ષકારોની દલીલો સાંભળી.

**(૬)** ઉપરોકત હકીકતે સદરહું કેસના ન્યાયીક નિર્ણય અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

// **મુદ્દાઓ**//

**૧.** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના નં.૧ નાએ તા.૧૬/૦૩/૨૦૨૨ ના રોજ કલાક ૧૮:૩૦ વાગ્યાના સમયે મોજે ખુટાડીયા ગામ, ગામીત ફળીયામાં વગર પાસ પરમીટે પોતાના કબજામાં ગોળ મહુડા પાણીનું રસાયણ બનાવી રાખી દેશી દારૂ

બનાવવાની ભઠ્ઠી સાથે ગોળ પાણીનું રસાયણ (વોશ) કુલ આશરે ૧૨૦ લીટર કિં.રૂા. ૨૪૦/- તથા દેશી દારૂ કુલ-૦૫ લીટર કિં.રૂા.૧૦૦/- તથા એલ્યુમિનિયમ હાંડલા નંગ-૦૧ કિં.રૂા.૫૦૦/- તથા પિતળની દેગડી નંગ-૦૧ કિં.રૂા.૪૦૦/- મળી કુલ કિં.રૂા.૧૨૪૦/- નો મુદ્દામાલ રાખી પકડાઇ જઇ સદર દેશી દારૂ બનાવવા માટે આરોપી નં.૨ નાએ ગોળ તથા મહુડા પુરા પાડી એકબીજાની મદદગારી કરી, પ્રોહીબીશન એકટની કલમ-૬૫ એએ, બી, સી, ડી,એફ, ૮૧ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

**૨.** શું હુકમ?

**(૭)** ઉપરોકત મુદાઓના મારા જવાબ નીચે મુજબ છે.

**૧. નકારમાં**

**૨. આખરી હુકમ મુજબ.**

// **કારણો**/

**મુદા નંબર:૧**

**(૮)** સદર કામે આંક-૨૧ થી ફરીયાદી રોનકભાઇ સ્ટીવનસનભાઇનાઓને તપાસેલ છે તેઓએ તેમના સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે, તા.16/03/2022 ના રોજ મે. તાપી જીલ્લાના પોલીસ અધિક્ષક સાહેબશ્રી નાઓને સંબોધીને ખુટાડીયા ગામના ગ્રામજનો મારફત એક અરજી મળેલ હતી જે અનુસંધાને ખુટાડીયા ગામના રહીશ ગુલાબભાઈ દિવાનજીભાઈ ગામીત નાઓ દેશી દારુનો અડ્ડો ચલાવી ગેરકાયદેસર પ્રવૃતિ કરતા હોવાનુ તપાસ અર્થે મળેલ હતી જે અરજી આધારે અમો તથા અ.પો.કો. બ્રિજરાજસિંહ તથા બે પંચોના માણસોને સાથે રાખી ખાનગી વાહનમા બેસી અરજીમા જણાવેલ નામ સરનામે જઈ તપાસ કરતા ત્યા આગળ એક ઈસમ ઘરની છાપરીમા દેશી દારુ બનાવી દારુનુ વેચાણ કરવા હાજર હતો જે ઈસમને પંચો રુબરુ નામઠામ પુછતા તેણે પોતાનુ નામ અરજીમા જણાવ્યા મુજબનુ જણાવેલ હતુ જે છાપરી મા જોતા એક ચુલા ઉપર ભઠ્ઠી ચાલુ હતી જે ચુલો

ત્રણ પથ્થર ના બનાવેલ હતા જેના ઉપર એક એલ્યુમિનીયમ નો હાંડલો મુકી તેના ઉપર માટીનો માટલો મુકેલ હતો તેમાંથી વાંસનો નળો લગાવી તેને થોડી દુર એક ખાડામા એક પિતળની દેગડી મુકી તેમા લગાવેલ હતી જે ઈસમ પાસે ભઠ્ઠી ચલાવવા માટે પાસ પરમિટની માંગણી કરતા તેણે નહી હોવાનુ જણાવેલ જેથી ચુલા ઉપર મુકેલ એલ્યુમિનીયમ નો હાંડલો નીચે ઉતારી તે હાંડલા મા જોતા તેમા ૧૫ લિટર જેટલો ગોળ મહુડાના પાણીનુ ગરમ રસાયણ હતુ જે રસાયણ ને એક લિટર લેખે રુ.૨/− ની કિમત ગણી કુલ રુ.૩૦/− ગણેલ તથા બાજુમા પીળા પ્રવાહી ભરેલ પ્લાસ્ટીકના કેરબા નંગ−૩ મળી આવેલ જે એક કેરબા મા કુલ ૩૫ લિટર જેટલુ ગોળ મહુડાનુ પાણી નુ રસાયણ લેખે ત્રણ કેરબામા ૧૦૫ લિટર રસાયણ મળી આવેલ જેની કિ.રુ.૨૧૦/− ગણી તથા દેગડીમા ૫ લિટર જેટલો દેશી દારુ મળી આવેલ હોય જે દારુની એક લિટર લેખે રુ.૨૦/− ગણતા ૫ લિટર દેશી દારુ ની કિં.રુ.૧૦૦/− ગણી દેશી દારુ તથા મળી આવેલ ગોળ મહુડાના રસાયણ અલગ અલગ રીતે કાચની બાટલીમા ૧૮૦ મિ.લી. જેટલો ભરી લઈ તેમા મીઠુ નાખી બુચ વડે સીલ કરી તેના મોઢે પંચોની સહી વાળી કાપલી બાંધી પો.સ.ઈ.શ્રી.એલ.સી.બી. તાપીના માર્કાથી લાખ વડે સીલ કરી તપાસ અર્થે કબ્જે લીધેલ તેમજ મળી આવેલ વાંસના નળાની કિં.રુ.૦/− ગણી તેનો નાશ કરેલ તેમજ હાંડલાની કિં.રુ.૫૦૦/− તથા પિતળના દેગડી ની કિ.રુ.૪૦૦/− ગણી હુ ફરીયાદીની ફરીયાદની વિગતે કબ્જે લીધેલ હતો. સદર ઈસમને ગોળ મહુડા કોની પાસેથી લાવુ છુ કે કોણ આપે છે ની હકીકત પુછતા તેણે રામકુવા ગામનો રહીશ રાજુભાઈ મારવાડી નાઓ આપતા હોવાની હકીકત જણાવતો હોય તેઓને આ ગુના કામે વોન્ટેડ જાહેર કરી તેઓ વિરુધ્ધ સંયુકત રાહે કાયદેસર થવા અમોએ ફરીયાદ આપેલ હતી સદર ફરીયાદની અસલ નકલ મને બતાવવામાં આવે છે તેમાં ફરીયાદી તરીકે મારી સહી છે જે ઓળખી બતાવી કબુલ રાખું છે જેને રજુ દાખલ આંક−૦૯ આપવામા આવે છે.

સદર સાહેદની ઉલટતપાસ વંચાણે લેવામાં આવે તો તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યા વસ્તીવાળો વિસ્તાર છે

અને ત્યા રહેણાંક વિસ્તાર આવેલો છે. એ વાત ખરી છે કે મે મારી ફરીયાદમાં પંચોના નામ સરનામાં જણાવેલ નથી.એ વાત ખરી છે કે કયા વાહનમા રેડમા ગયેલા તે ફરીયાદમા જણાવેલ નથી. એ વાત ખરી છે કે જે ઘર મા રેડ પાડેલી તે ઘરનુ નંબર ફરીયાદમા જણાવેલ નથી. એ વાત ખરી નથી કે આરોપીની ખોટા ગુનામાં સંડોવણી કરી આરોપી સામે ખોટી ફરીયાદ કરી સોગંદ પર ખોટી જુબાની આપુ છું.

**(૯)** આ કામે ફરીયાદપક્ષે આંક-૨૩ થી પંચ સાહેદ નાશીરશા બશીરશા તથા આંક-૨૫ થી પંચ સાહેદ રમણભાઇ દેવજીભાઇ ભારતીનાઓને તપાસેલ છે તેઓએ તેમના સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે, પોલીસે તેઓની તૈયાર લખેલા પંચનામામાં સહી લીધેલી. પંચનામામાં શું લખેલુ તેની તેમને ખબર નથી. તેમને એ પંચનામું બતાવવામાં આવે છે જેમાં તેઓની સહી છે. જેને તેઓ ઓળખી બતાવે છે. જેને રજુ દાખલ આંક-રજઆપવામાં આવે છે.

સદર સાહેદની ઉલટતપાસ વંચાણે લેવામાં આવે તો તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે ફકત તેઓનું નામ અને સરનામું પુછેલુ અન્ય હકીકત જાણતા નથી. એ વાત ખરી છે કે, જયારે સહી કરી ત્યારે અન્ય કોઇ વ્યકિત ત્યાં હાજર ન હતી.

**(૧૦)** સદર કામે આંક-૩૨ થી ત.ક.અ. અશ્વીનભાઇ બાબુરાવભાઇનાઓને તપાસેલ છે તેઓએ તેમના સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે, હું ૧૬/૦૩/૨૦૨૨ના રોજ વ્યારા પો.સ્ટેમા અ.હે.કો. તરીકે ફરજ પર હતા દરમ્યાન વ્યારા પો.સ્ટે.ના પોસ્ટે અમલદાર દિનેશભાઇ સુપડીયાભાઇનાઓએ વ્યારા પો.સ્ટે.ગુ.નં. ૦૩૫૯/૨૦૨૨ પ્રોહિ કલમ ૬૫ એએ,બી.સી.ડીઅને એફ. તથા ૮૧ મુજબનો ગુનો રજીસ્ટર કરી તપાસ મને સોંપતા સંભાળી લીધેલ જેમા ફરીયાદી પો.કો. રોનકભાઇ સ્ટીવન્સનભાઇનાઓની ફરીયાદ આપેલ સદર કામે આરોપીઓની અટક કરી ના.કોર્ટમા રજુ કરેલા તેમજ પ્રોહિ મુદામાલ ના સેમ્પલ પૃથક્કરણ માટે એફ.એસ.એલ.સુરત ખાતે મોકલવાની તજવીજ કરેલી સાહેદોના નિવેદન લિધેલા તેમજ આ કામના બંન્ને આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ કરવા જેટલા પુરતા પુરાવા પડતા હોય તેઓ વિરૂધ્ધ તા.૩૧/૦૫/૨૦૨૨ના રોજ ચાર્જશીટ કરી ના.કોર્ટ તરફ મોકલી આપેલ છે.આરોપીઓને જોઇ ઓળખુ છુ જે આરોપીઓ આજ રોજ ના.કોર્ટમા હાજર છે જેને હુ ઓળખી બતાવુ છુ.

સદર સાહેદની ઉલટતપાસ વંચાણે લેવામાં આવે તો તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ખુટાળીયા ગામ વસ્તીવાળુ છે ત્યા રહેણાક મકાન આવેલા છે એ વાત ખરી છે કે સ્થળ પર પંચો રૂબરૂ મે પંચનામુ કરેલ નથી એ વાત ખરી છે કે સ્વતંત્ર સાહેદોના મે નિવેદન લીધેલ નથી એ વાત ખરી નથી કે આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા ન હોવા છતા ખોટી ચાર્જશીટ કરેલી છે. એ વાત ખરી છે કે જે બનાવવાળા સ્થળે પ્રોહિ મુદામાલ પકડાયેલ નથી તે સ્થળનો કોઈ દસ્તાવેજ કામે રજુ કરેલ નથી.

**(૧૧)** આ કામે બચાવપક્ષે વિ.વકીલશ્રીએ તેમની દલીલમાં જણાવેલ છે કે, બનાવ સ્થળ ગુનાવાળી જગ્યા વસ્તીવાળો વિસ્તાર છે અને ત્યાં રહેણાંક મકાન આવેલા હોવા છતાં સ્વતંત્ર સાહેદ તપાસેલ નથી. તેમજ પંચનામાના સાહેદે પણ સમર્થન કરેલ નથી. જેથી માત્ર હીત ધરાવતા સાહેદોના પુરાવા પર આધાર રાખી શકાય નહી. તે સંજોગોમાં આરોપીઓને નિદોર્ષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે. જેની સામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ રજુઆત કરેલ છે કે, આ કામે માત્ર પંચનામું પુરવાર થયેલ ન હોઈ તેટલાથી જ આરોપીઓને શંકાનો લાભ મળે નહી. તેમજ ફરીયાદપક્ષે જે પોલીસ કર્મચારીઓને તપાસેલ છે તેઓએ કેસને અનુરૂપ પુરાવો આપેલ છે, જે બાજુ પર રાખી શકાય નહી, તેમજ તેમના પુરાવાના આધારે આરોપીઓને તકસીરવાન ઠરાવવા અરજ કરેલ છે.

**(૧૨)** શંકાના લાભના પ્રબંધો મુજબ ફરીયાદપક્ષ સાક્ષી પુરાવાથી પોતાના કેસની ખરી અને યોગ્ય હકીકતો સાબીત કરવામાં સફળ ન રહે ત્યારે શંકાનો લાભ આરોપીને મળતો હોય છે. આ કામે ફરીયાદપક્ષે રજુ રાખેલ પુરાવો તથા સમગ્ર સંજોગો ધ્યાને લેતા ફરીયાદપક્ષ આરોપીઓ સામેનું તહોમત પુરવાર કરવામાં સફળ થયેલ નથી.

**(૧૩)** આ કામે રજુ થયેલ પુરાવો ધ્યાને લીધો. બંને પક્ષની દલીલો સાંભળી આ કામે રેકર્ડ તપાસતા ફરીયાદપક્ષે જે પંચ સાહેદને તપાસેલ છે તેઓએ પંચનામાને સમર્થન કરેલ ન હોય પંચનામું પુરવાર થતુ નથી. જયારે ફરીયાદી તથા અન્ય સાહેદે બચાવપક્ષની ઉલટતપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યા જાહેર જગ્યા છે અને રહેણાંક વિસ્તાર છે કોઈ

સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધા નથી. આમ આ સાહેદોની ઉલટતપાસમાંથી ફલીત થતી હકીકત ધ્યાને લેવામાં આવે તો વિ.એ.પી.પી.શ્રીની દલીલો સાથે સમંત થઇ શકાય તેમ નથી. કારણ કે આ કામે બનાવ સ્થળ વસ્તીવાળો રહેણાંક વિસ્તાર હોવા છતાં સ્વતંત્ર સાહેદ તપાસેલ નથી. તેમજ પંચનામાના સાહેદે પણ સમર્થન કરેલ નથી. જેથી માત્ર હીત ધરાવતા સાહેદના પુરાવા પર આધાર રાખી શકાય નહી. તેમજ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ ન હોય તેમજ સ્વતંત્ર સાહેદોના પુરાવાની ગેરહાજરીમાં તથા પંચનામું પુરવાર થતુ ન હોઇ ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપાયેલ ગુનાઓ નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ રહેતો નથી. તે સંજોગોમાં આ કામે પ્રોહીબીશન એકટની જોગવાઇઓ ધ્યાને લેતા તે સંજોગોમાં પણ ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધનો કેસ પુરવાર કરવામાં સફળ રહેલ નથી. તે સંજોગોમાં આક્ષેપીત ગુનાના તત્વો ફલીત થતા ન હોઇ ફરીયાદપક્ષ સમગ્ર હકીકતે આરોપીઓ વિરૂધ્ધનો કેસ શંકારહીત પુરવાર કરવામાં સફળ રહેતો ન હોઇ પંચનામું પુરવાર થયેલ ન હોય તેમજ સ્વતંત્ર અને તટસ્થ સાહેદોને આ કામે તપાસેલ ન હોઇ, એફ.એસ.એલ.નો રીપોર્ટ રજુ કરેલ નથી. જગ્યાની માલીકી બાબતે કોઇ પુરાવો રજુ કરેલ નથી. ગુના અંગેના પણ કોઇ તત્વો પુરવાર થતા ન હોઇ તેમજ હાલના કામે પણ સમગ્ર હકીકતે ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા પરથી બનાવ સ્થળે અને સમયે આરોપી નં.૧ નાએ તા.૧૬/૦૩/૨૦૨૨ ના રોજ કલાક ૧૮:૩૦ વાગ્યાના સમયે મોજે ખુટાડીયા ગામ, ગામીત ફળીયામાં વગર પાસ પરમીટે પોતાના કબજામાં ગોળ મહુડા પાણીનું રસાયણ બનાવી રાખી દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી સાથે ગોળ પાણીનું રસાયણ (વોશ) કુલ આશરે ૧૨૦ લીટર કિં.રૂા. ૨૪૦/- તથા દેશી દારૂ કુલ-૦૫ લીટર કિં.રૂા.૧૦૦/- તથા એલ્યુમિનિયમ હાંડલા નંગ-૦૧ કિં.રૂા.૫૦૦/- તથા પિતળની દેગડી નંગ-૦૧ કિં.રૂા.૪૦૦/- મળી કુલ કિં.રૂા.૧૨૪૦/- નો મુદ્દામાલ રાખી પકડાઇ જઇ સદર દેશી દારૂ બનાવવા માટે આરોપી નં.૨ નાએ ગોળ તથા મહુડા પુરા પાડેલ હોવાનું સાબીત કરવામાં ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ રહેલ હોઇ આરોપીઓ

વિરૂધ્ધનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સફળ રહેતો ન હોઇ નીચી મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**// આખરી હુકમ //**

**(૧)** આ કામના આરોપી (૧) ગુલાબભાઇ દિવાનજીભાઇ ગામીત, ઉ.વ.૪૫, રહે.ખુટાડીયા ગામ, ગામીત ફળિયું, તા.વ્યારા, જી.તાપી તથા (૨) રતનલાલ જીયારામ ગુજજર, ઉ.વ.૩૧, રહે.રામકુવા ગામ, ડેરીની સામે, પટેલ ફળિયું, તા.વ્યારા, જી.તાપીનાઓ સામેના પ્રોહીબીશન એકટની કલમ-૬૫ એએ, બી,સી,ડી,એફ, ૮૧ અન્વયેના ગુન્હાના કામે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૪૮(૧) મુજબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૪૩૭(એ) અન્વયે આરોપીઓએ ઇન્સાફી કાર્યવાહી દરમ્યાન આપેલ જામીનખત આખરી હુકમ વિરૂધ્ધ જો અપીલ કોર્ટમાં અપીલ દાખલ થાય તેવા સંજોગોમાં હાલના આરોપીઓએ અપીલ કોર્ટમાં હાજર રહે તે માટે છ માસની મર્યાદા માટે આરોપીઓના જામીનખત તથા જાતમુચરકા ચાલુ રાખવા હુકમ કરવામાં આવે છે.

**(૩)** કબજે કરવામાં આવેલ દારૂ બનાવવા માટેના ભઠ્ઠીના સાધનો વિગેરેનો નિયમાનુસાર નિકાલ કરવો તેમજ કરજે કરવામાં આવેલ પ્રોહી. મુદ્દામાલ અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૨૫મી, માહે,જુન સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભાળાવી જાહેર કર્યો.

તારીખ: ૨૫ /૦૬/૨૦૨૬
સ્થળ: વ્યારા.

**(મનિષ દિલીપભાઇ નંદાણી)**
એડી.ચીફ.જયુડી.મેજીસ્ટ્રેટ એન્ડ,
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ,
તાપી મુ.વ્યારા.
**(Code : GJ-00847)**